# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૧૯-૦૯-૨૦૨૪** **સમય-સાંજે-૬.૨૫**

---

## કચ્છ-મહિલા અને બાળ અધિકારી :

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે અલગ અલગ પ્રવૃત્તિઓ-જેમાં ખાસ કરીને મહિલા આત્મનિર્ભર બને તે માટે જાગૃતિ શિબિર,લોન મેળા,સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવતું હોય છે.આ ઉપરાંત જિલ્લામાં મહિલાઓને લોન મળે તે માટે ભુજ ખાતેની મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.લોન ઇચ્છુક મહિલાઓએ કચેરીનો સંપર્ક સાધી અને ફોર્મ ભરવાનું રહેશે અને વહેલા તે પહેલાના ધોરણે લોનની કાર્યવાહી કરવામાં આવશે તેવું જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલે વધુમાં આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : અવની રાવલ)

**પરેશ મારૂ**

---

## આઈ ખેડૂત પોર્ટલ-સહાય અરજી :

ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા **ખેડૂતોએ www.ikhedut.gujarat.gov.in પર જિલ્લાવાર અરજી કરવાની રહેશે. ખેડૂતોએ ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓના ઘટકો જેવા કે ખેત ઓજાર, એગ્રો**

**સર્વિસ પ્રોવાઈડર, પાકમૂલ્ય વૃદ્ધિ, ફાર્મ મશીનરી બેંક, મિલેટ પ્રોસેસિંગ યુનિટ, તાડપત્રી, પાક સંરક્ષણ સાધનો, પાવર સંચાલિત પંપ સેટ્સ, સોલાર પાવર યુનિટ,વોટર કેરીંગ પાઇપલાઈન અને રાઈડ ઓન સેલ્ફ પ્રોપેલ્ડ, મલ્ટીપર્પઝ ટૂલબાર માટે આઇ ખેડૂત પોર્ટલ દિન-૭ માટે ઓનલાઈન અરજીઓ મેળવવામાં ખુલ્લું મુકવામાં આવશે.**

**કચ્છ સહિત રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગરમાં જિલ્લાના ખેડૂતો આગામી તારીખ ૨૧ થી ૨૭ સપ્ટેમ્બર સુધી સવારે ૧૦.૩૦ વાગ્યાથી સહાય મેળવવા માટે પોર્ટલ ઉપર અરજી કરી શકશે.ખેતીવાડીની યોજના હેઠળ લાભ મેળવવા માગતા હોય તેવા ખેડૂતમિત્રોને અરજી કરવા કચ્છ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.**

**માહિતી ખાતું**

---

## પચ્છમ-પશુ રસીકરણ :

ભુજ તાલુકાના પચ્છમ વિસ્તારમાં આવેલા રતડિયા, ધોરાવર, જામકુનરિયા, જુણામાં પશુ પાલન વિભાગ દ્વારા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું હતું.ચોમાસાની ઋતુ દરમિયાન પશુઓમાં થતા ખરવા મોવાના રોગચાળાને અટકાવવા માટે આ ચાર ગ્રામ પંચાયતમાં 5000 જેટલા પશુઓને રસીકરણ કરાયું હતું.આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં માલધારીઓ વસે છે અને મુખ્ય વ્યવસાય તરીકે પશુપાલકો છે.પશુઓમાં થતા આ રોગને અટકાવવા માટે સમયાંતરે પશુપાલકો દ્વારા રસીકરણ કરાવવું જરૂરી હોવાનું પશુ તબીબોએ જણાવ્યું હતું.

**પરેશ મારૂ**

---

## તેરા-સેવા સેતુ કાર્યક્રમ :

અબડાસા તાલુકાના તેરા ગામે 17 ગામનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો,જેમાં 1058 અરજીઓ જુદાં-જુદાં કામો માટે આવી હતી.જેની સો ટકા કામગીરી કરાઇ હતી.388 રસીકરણ, 257 હેલ્થ વેલનેસ ડાયાબિટીસ અને બીપીની ચકાસણી સાથે મેડિસીન સારવાર 182, રાશનકાર્ડધારકોને ઇ-કેવાસી 151, આધાકાર્ડ 54, રાશનકાર્ડ પ્રક્રિયા 30, કુંવરબાઇનું મામેરૂં સહાય યોજના, વિધવા સહાય આઠ,પશુઓની ગાયનેલોજિકલ સારવાર સાત સહિત અલગ-અલગ અરજીઓનો નિકાલ કરાયો હતો.આ સેવાસેતુમાં તેરા, બારા, સુજાપર, ગુડથર,આશાપર, લાખણિયા, પાટ બિટ્ટા વિકાસ અધિકારી સહિતના ગ્રામજનોએ લાભ લીધો હતો.

**પરેશ મારૂ**

---

## સ્વચ્છતા હી સેવા-યોગ શિબિર :

'સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા' થીમ સાથે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન ૨૦૨૪ નો શુભારંભ કરવામાં આવ્યો છે.ત્યારે ગુજરાત સરકાર દ્વારા આ અભિયાન તેમજ નિર્મળ ગુજરાત ૨.૦ ને સાંકળી લઈને તા.૩૧ ઓક્ટોબર સુધી સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.જે અંતર્ગત આજરોજ કચ્છ જિલ્લામાં યોગના માધ્યમથી " સ્વચ્છતા હી સેવા " નો સંદેશ આપવામાં આવ્યો હતો.

નાગરિકો સ્વચ્છતાની મહત્તા સમજીને આસપાસ સ્વચ્છતા જાળવે તે હેતુથી કાર્યરત આ અભિયાન હેઠળ જિલ્લાભરમાં વિવિધ ગામોની શાળામાં આજરોજ સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત યોગ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

---

## માંડવી-બીચ ક્લીનીંગ :

આગામી તા.૨૧ સપ્ટેમ્બરને "ઇન્ટરનેશનલ કોસ્ટલ ક્લીનપ ડે" તરીકે વિશ્વ કક્ષાએ મનાવવામાં આવે છે.ભારત સરકારના વન પર્યાવરણ અને ક્લાઇમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા બીચ સફાઈના કાર્યક્રમ માટે કચ્છના માંડવી તથા ભાવનગર જિલ્લાના હાથબના દરિયાકિનારાની પસંદગી કરવામાં આવેલ છે.

**માહિતી ખાતું**

---

## પેચવર્ક કામગીરી :

કચ્છ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રસ્તાઓની લંબાઇ પૈકી ભારે વરસાદ બાદ આસ્ફાલ્ટ પેચવર્કની જરૂરિયાત વાળા રસ્તાઓમાં પેચવર્કની કામગીરી પ્રગતિમાં છે.વાહનચાલકોને કોઇપણ પ્રકારની સમસ્યા ન સર્જાય તે માટે રસ્તાઓને પૂર્વવત કરવામાં આવી રહ્યા છે.જેમાં આદિપુર- ભદ્રેશ્વર-મુંદરા રોડ,ભુજ – મુંદરા રોડ તથા સુખપર એપ્રોચ રોડ પર આસ્ફાલ્ટ પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે.

**માહિતી ખાતું**

---